ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ
નિગમને રૂા.૬૫.૦૦ લાખની શેરમૂડીની
ગ્રાન્ટ ફાળવવા બાબત. (વર્ષ ૨૦૨૩-૨૪)

# ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**ઠરાવ ક્રમાંકઃSJED/GMF/e-file/17/2022/2828/A1**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૧૯/૦૭/૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/2945/B

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૬/૨૦૨૩નો પત્ર ક્રઃવિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/૬૩૬-૩૭

**આમુખઃ-**

ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ માટે આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૬૫.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૮/૦૪/૨૦૨૩ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. હાલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૦૬/૦૬/૨૦૨૩ના પત્રથી વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ માટે મંજૂર થયેલ રૂા.૬૫.૦૦ લાખની પૂરેપૂરી શેરમૂડીની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ માટે મંજૂર થયેલ રૂ.૬૫.૦૦ લાખ(અંકે રૂપિયા પાંસઠ લાખ પૂરા)ની પૂરેપૂરી શેરમૂડીની ગ્રાન્ટ ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.